# હિમાચલ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં હિમવર્ષા



## શિમલા, મનાલીમાં સિઝનની પ્રથમ હિમવર્ષા : ચારે બાજુ બરફની ચાદરથી પ્રવાસીઓમાં જોરદાર ઉત્સાહ : જમ્મુ-શ્રીનગર રાજમાર્ગને બંધ કરવાની ફરજ

નવી દિલ્હી,જમ્મુ,તા. ૨૨ જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઘણા ભાગોમાં હિમ વર્ષાના પરિણામ સ્વરૂપે ચારે બાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે બીજી બાજુ ટ્યુરિસ્ટ લોકોમાં નવો ઉત્સાહ જાગ્યો છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં હિમવર્ષા બાદ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. સિમલાથી પ્રાપ્ત અહેવાલ મુજબ હિમાચલના નિચાણવાળા પહાડી વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે જ્યારે સિમલા, મનાલી અને આસપાસના વિસ્તારોમાં સિઝનની પ્રથમ હિમ વર્ષા આજે થતા ચારે બાજુ બરફની ચાદર જોવા મળી હતી. સિઝનની પ્રથમ હિમવર્ષાના પરિણામ સ્વરૂપે હોટલ ઉદ્યોગમાં ખુશીનું મોજુ ફરીવળ્યુ છે. ક્રિસમસ પહેલ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડયા છે. સિમલા નજીક ટ્યુરિસ્ટ સ્થળ હાઉસફુલ દેખાઈ રહ્યા છે. કુફરી, ફાગુ અને નારકંડા જેવા વિસ્તારો

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


માણસ હંમેશા પોતાની ભૂલોનો એવી રીતે બચાવ કરે છે જાણે તે એના હકોનો બચાવ કરી રહ્યો હોય

- સુધા મૂર્તિ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૮૨ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૩, સોમવાર; માગશર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સાધુ-સંતોના આગમનથી પોલીસ ઉચાટમાં

## ગૌવંશ બચાવવા સી.એમ.ને આવેદનપત્ર પાઠવવા ગૌવંશ સમિતિ ગાંધીનગર પહોંચી : હજારો સાધુ-સંતો જ-માર્ગ પર ગુસી જતાં મુખ્યમંત્રીનો રૂટ બદલવો પડ્યો...! : ગાંધીનગર રેન્જ ડીઆઈજી, ડીએસપી, કલેક્ટર સહીત તમામ ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા : જિલ્લાભરની પોલીસ જ-માર્ગ પર ખડકી દેવાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગૌસેવા સમિતિ ગુજરાત દ્વારા નરોડા ખાતે ગૌવંશ બચાવવા સહિતની બાબતોને પગલે અધિવેશન કરવામાં આવ્યું હતું. સમાપન બાદ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા માટે ગૌરક્ષકો સાધુ-સંતોની ગાડીઓ ગાંધીનગર તરફ આવી હતી અને જ-માર્ગ પર સરીતા ઉદ્યાન સુધી હજારો સંત-સાધુઓ ઘુસી જતાં તંત્ર દોડતું થઈ ગયું હતું. ગૌરક્ષકોને અટકાવવા જિલ્લાભરની પોલીસને વરૂણા સાથે જ-માર્ગ પર તાત્કાલિક ઉતારી દેવામાં આવી હતી. રસ્તા પર જ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને રસ્તા વચ્ચે દેખાવો કર્યા બાદ યોગ્ય નિતિઓ ઘડી રાજ્યભરમાં ગૌહત્યા અટકાવવા સુચન કરવામાં આવ્યું હતું. જો હજુ આ બાબતે મુખ્યમંત્રી નિર્ણય નહી લે તો ગૌ સેવા સમિતિ આશ્ચર્યજનક કાર્યક્રમો આપશે તેવી ચિમકી પણ આપવામાં આવી છે.

અમદાવાદના નરોડા વિસ્તારમાં રાજ્યમાં ગૌવંશ હત્યા અટકાવવા ગૌ સેવા સમિતિ ગુજરાતનું અધિવેશન હતુ. જેમાં હજારોની સંખ્યામાં ગૌરક્ષકો તથા સાધુ-સંતો એકત્રીત થયા હતા. ગાયોનું કત્લેઆમ અટકે, કતલખાના બંધ થાય, ગૌવંસ બચાવવા એક નવા વિભાગની રચના થાય તથા કસાઈઓને આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ કરીને કડક કાયદો બનાવાય તે સહિતની વિવિધ

● અનુસંધાન પાન-૭ પર



### ઈન્ટેલીજન્સ બ્યુરો ઊંઘતી ઝડપાઈ

નરોડા ખાતે યોજાયેલા અધિવેશન બાદ આટલી મોટી સંખ્યામાં ગૌરક્ષકો ગાંધીનગર આવવા નીકળ્યા તે પણ એક સાથે ગાડીઓનો કાફલો લઈને..! છતાં પણ ઈન્ટેલીજન્સ બ્યુરો પાસે કોઈ મેસેજ જ ન હોય તેમ જ્યારે કાફલો હજારોની સંખ્યામાં જ-માર્ગ પર ઉતરી આવ્યો ત્યાર બાદ તંત્ર સફાળુ જાગ્યુ હતુ અને ટોળાને ચક્કાજામ કરતી સમયે રોકવા માટે લાગી ગયું હતું. સ્પષ્ટપણે દેખાઈ આવે કે ઈન્ટેલીજન્સ બ્યુરો ઊંઘતુ ઝડપાયું..!

## NEWS બિર્ડ્સ

### કોંગ્રેસ-બીજેપીના ભ્રષ્ટ નેતાઓને જેલ મોકલીશ : કેજરીવાલ



દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર બનવી લગભગ નક્કી થઈ ગઈ છે ત્યારે પાર્ટીના કર્તા હર્તા અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે કોંગ્રેસ-બીજેપીના દિલ્હીના ભ્રષ્ટ નેતાઓને જેલમાં મોકલવાથી તેઓ પાછા નહીં પડે. ૧૬મી જાન્યુઆરી સુધીમાં આપ પાર્ટીએ જનલોકપાલ બીલ પાસ કરાવવાની પણ ખાતરી આપી છે.

### ઝાહીરખાને ૩૦૦ ટેસ્ટ વિકેટ લઈ સિધ્ધિ નોંધાવી



દક્ષિણ આફ્રિકાના જોહનીસબર્ગમાં ખાતે રમાઈ રહેલી દક્ષિણ આફ્રિકા ભારતની ટેસ્ટ મેચમાં ભારતીય ફાસ્ટ બોલર ઝાહીરખાને ૩૦૦ ટેસ્ટ વિકેટ ઝડપીને રેકોર્ડ બનાવ્યો છે. ૩૦૦ વિકેટની સિધ્ધિ મેળવનાર તે ચોથો ભારતીય છે. જેક કાલિસની વિકેટ લઈ તે આ સિધ્ધિ સુધી પહોંચ્યો છે ત્યારે ઉપસ્થિત ભારતીય પ્રેક્ષકો અને ખેલાડીઓએ તેને વધાવી લીધો હતો.

### હવે ટપાલ વિભાગ વિતરણની સાથે લગ્નકંકોત્રી પણ છાપશે

भारतीय डाक INDIA POST

નવા-નવા પરિવર્તનને સ્વીકારવા માટે ટપાલ વિભાગ સજ્જ બન્યું છે. ડાક વિભાગની નવી યોજના મુજબ હવે અવનવી ડિઝાઈનની કંકોત્રી છાપવાનું ટપાલ વિભાગ શરૂ કરશે. તેના વિતરણની જવાબદારી પણ ટપાલ વિભાગની રહેશે. જો કે તે માટે અલગ અલગ ચાર્જ વસુલવામાં આવશે.

### ૧ કિલોથી વધુ વજન ધરાવતું જામફળ



ડભોઈના માનલી ગામના બંકિમભાઈ પટેલના ખેતરમાં ૧ કિલોથી વધુ વજનવાળા જામફળનો પાક ઉતારે છે. બંકિમભાઈ થાઈલેન્ડથી જામફળની કલમના છોડ લાવ્યા હતા. વર્ષમાં બે વખત લેવાતા પાકનું એક વિઘામાં ૭૦ થી ૮૦ હજારનું ઉત્પાદન થાય છે.

# મનરેગાનું લેબર બજેટ ૯ કરોડની આસપાસ

## જિલ્લામાં ૩૪ વધુ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો નિર્માણ કરવા માટે આગામી વર્ષનું લક્ષ્ય રહેશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર અધિનિયમના અમલીકરણ માટેનું લેબર બજેટ ૨૦૧૪-૧૫નું રૂ. ૯ કરોડની આસપાસ રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ૩ લાખ જેટલા માનવદિન રોજગારીના લક્ષ્યાંક સામે ચાલુ વર્ષે ૨.૫૯ લાખ માનવદિન રોજગારી ઉત્પાદન કરવામાં આવી છે. આગામી વર્ષે પણ આટલી જ માનવદિન રોજગારીના નિર્માણના અંદાજો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ લેબર બજેટ ગ્રામ્ય સભાઓમાં તૈયાર થઈ ગયા છે હવે લાઈન ડિપાર્ટમેન્ટ સાથે તેનું મેળવણું કરી અને તાલુકા કક્ષાએ અને ત્યારબાદ જિલ્લા કક્ષાએ મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

ચાલુ નાણાંકીય વર્ષમાં લાઈન ડિપાર્ટમેન્ટસ દ્વારા ૧૬૦૦ જેટલા કામો નિયત કરવામાં આવ્યા હતા જે પૈકી ૮૦૦થી વધુ કામો પૂર્ણ થઈ ગયા છે. આ માસના અંત સુધીમાં વધુ ૨૦૦ જેટલા કામો પૂર્ણ થશે તેવા અંદાજો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મનરેગા યોજના તળે ૨૪ જેટલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રો નિર્માણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જે પૈકી ૮થી વધુ સેવા કેન્દ્રો પૂર્ણ થઈ ગયા છે જ્યારે ૧૬ જેટલા સેવા કેન્દ્રોના નિર્માણની કામગીરી પ્રગતિમાં છે અને તે ફેબ્રુઆરી-માર્ચ સુધીમાં પૂર્ણ થઈ જશે.

આગામી વર્ષે ૩૬ જેટલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રો નિર્માણ કરવાનું આયોજન છે. તંત્ર એ ૨૦૧૮ સુધીમાં તમામ ગામોમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રો બનાવવાનું વિચાર્યુ છે. આગામી વર્ષે માણસા અને કલોલમાં વધુને વધુ ગામોને આવરી લેવાનું લક્ષ્યાંક છે.

આગામી વર્ષના બજેટમાં વનસંરક્ષણ, જળસંચય જેવા કામોને પણ અગ્રતા આપવામાં આવી છે. આ ઉપરાંત પશુધન માટે પૌષ્ટિક ઘાસના ઉત્પાદન પર લક્ષ આપવાનું પણ આયોજન છે.

જિલ્લામાં મનરેગાના અંદાજપત્રને આખરી ઓપ આપતાં પૂર્વે પદાધિકારીઓ સાથે પરામર્શ પણ કરવામાં આવ્યો હતો.

# ગાંધીનગરમાં ઠંડીમાં રાહત : પારો ૯.૫

ગાંધીનગર, તા. ૨૨

સતત ફુંકાતા ઠંડા પવનો અને તીવ્ર ઠંડીથી આજે ગાંધીનગરાઓને થોડીક રાહત મળી હતી પારો બે ડિગ્રી જેટલો વધીને ૯.૫ ડિ.સે. પર પહોંચ્યો હતો.

આ વર્ષે ગાંધીનગર ઠંડીની બાબતમાં રેકોર્ડ કરી રહ્યું છે. અગાઉના વર્ષોમાં ઠંડીની બાબતમાં ગાંધીનગર શહેર ત્રીજા, ચોથા કે પાંચમા ક્રમે રહેતું હતું. આ વર્ષે સતત પ્રથમ ક્રમે રહ્યું છે. નલીયા અને ડીસા જેવા શહેરો પણ પાછળ પડી ગયા છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી તો શહેરમાં હાડ થીજવતી ઠંડીનો સામનો ગાંધીનગરાઓ કરી રહ્યા છે. ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓની હાલત ઠંડીથી બગડી હતી. ઠંડીથી રાહત મેળવવા તેઓએ તાપણાંનો સહારો લીધો હતો. જો કે રવિવારે પવનની ગતિ ઓછી રહેતા ઠંડીથી થોડીક રાહત મળી હતી. લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું વધ્યું હતું. અને ૯.૫ ડિ.સે. નોંધાયું હતું. જો કે હજુ શહેરમાં તીવ્ર ઠંડી નોંધાવવાની શક્યતા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં તાજેતરમાં જ ભારે બરફવર્ષા થઈ છે. જેની અસર હેઠળ આગામી થોડાક જ કલાકોમાં સમગ્ર ગુજરાત-રાજસ્થાનમાં થશે. પારો ૬ ડિગ્રી સુધી ઉતરી શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના સમગ્ર વિસ્તારોમાં પારો ત્રણથી ચાર ડિગ્રી જેટલો ગગડી શકે છે.




કવિતાનો કંસાર - ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સાહિત્ય પર્વ અંતર્ગત શનિવારે રાત્રે ગુજરાતી ભાષાના યુવા કવિઓનું કવિ સંમેલન યોજાયું હતું. જેમાં જાણીતા કવિઓ સર્વશ્રી ખલીલ ધન્તેજવી, સૌમ્ય જોષી, પ્રણવ પંડ્યા, હિતેન આનંદપરા, ભાવેશ ભટ્ટ, તેજસ દવે અને અનિલ ચાવડાએ પોતાની કૃતિઓ રજૂ કરી ભાવકોના મન મોહી લીધા હતા.

# પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવા ડી.પી.સી.ની બેઠક

ગાંધીનગર, તા. ૨૨

પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓને નાયબ પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપવા માટે ડી.પી.સી.ની બેઠક પુનઃ મળતા હવે આગામી સપ્તાહમાં બઢતીના હૂકમો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીઓને ડી.એસ.પી. તરીકે બઢતી આપવામાં આવ્યા બાદ પી.આઈ. કક્ષાના અધિકારીઓને ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બે દિવસ અગાઉ પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવા માટે ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટીની બેઠક મળી ચૂકી છે. જેમાં પ્રવરતા યાદી તૈયાર કરી દેવામાં આવી છે. અને હવે આ અધિકારીઓને બઢતી આપવા માટેની ફાઈલ સરકારની મંજુરી અર્થે રજુ કરી દેવામાં આવી છે અને આગામી સપ્તાહમાં બઢતીના હૂકમો જારી કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પી.એસ.આઈ. કક્ષાના અધિકારીઓને પી.આઈ. તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આગામી ટૂંક સમયમાં ડી.પી.સી.ની બેઠક મળનારી છે. આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ રાજ્યના પોલીસ તંત્રમાં બદલીઓના દોર સાથે ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આઈ.જી. કક્ષાના ત્રણ જેટલા અધિકારીઓને પણ ડી.જી.પી. તરીકે બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં આ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બઢતી અને બદલીનો દોર શરૂ કરાશે.


સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગુજરાત સરકાર તથા બેંકમાં નોકરી માટે વિશાળ ભરતી
તલાટી-૩૧૦૦ જગ્યાઓ
GPSC-વર્ગ-1-2, કુલ 800 જગ્યાઓ
Bank Clerk અને Officer માટેની 20,000 જગ્યાઓ માટે
Free માર્ગદર્શક સેમિનાર
સેમિનાર તારીખ : ૨૯-૧૨-૨૦૧૩, રવિવાર
સમય : સવારે ૧૦-૦૦ વાગ્યે
નિષ્ણાત તથા GPSC-UPSCમાં સફળ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન
શિલ્પ CAREER ACADEMY
તૃપ્તિ આઈસ્ક્રીમ પાર્લર સામે, Axis Bank ઉપર, સેક્ટર-૧૬, ગાંધીનગર
Contact : 94269 44899, 99985 75255
ફોનથી રજીસ્ટ્રેશન કરાવવું

GPSC-1/2 PSI
ક્લાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૧૯ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
DT
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.